**ના**નકડી મજબૂત સળિયા મઢેલી જાળીમાંથી આકાશના અમાપ વિસ્તાર પર ધીમે ધીમે કાળાં ધૂમસ જેવાં વાદળાં શબ્દહીન ક્રૂર ગતિથી પથરાતાં જતાં હતાં તે જોઈ રહેલી એક સ્ત્રી શાંત ભાવે ભીંતને અઢેલીને બેસી રહી હતી. તેના વાળ રુક્ષ અને ઓળ્યા વગરના હતા, લૂગડાં પણ ચોળાઈ ગયેલાં ને ગંદાં હતાં, છતાં તેનું એક પ્રકારનું સ્વાભાવિક ગૌરવ આ બિહામણા સ્થાનમાં આવી પડવાથી લેશમાત્ર ખંડિત ન થયું હોય તેમ તે બેઠી હતી.

બહાર નિયમ પ્રમાણે પહેરો ભરતા ચોકીદારનાં ડગલાં જરા થંભ્યાં અને પછી તેણે કોઈ સાથે વાત કરી. કેટલીક વારે સ્ત્રી વૉર્ડરે આવીને કહ્યું :

“તમારા પતિ મુલાકાત માટે આવ્યા છે.”

ઓરડીમાં પુરાયેલી સ્ત્રીએ જવાબ તૈયાર જ રાખ્યો હોય તેમ સહેજ પણ વિચાર કર્યા વગર કહ્યું :

“હું એમને મળવા માગતી નથી.”

“પણ...”

“મારી મરજી!”

વૉર્ડર બાઈ થાકીને ચાલી ગઈ. જેલના વાતાવરણથી કશા ખાસ ત્રાસનો અનુભવ ન થતો હોય તેમ કેદી બનેલી સ્ત્રી શાંતિથી પહેલાંની જેમ જ વિચાર કરતી બેસી રહી.

તે દેખાવમાં બહુ સુંદર નહોતી છતાં એક જાતની સુકુમારતા તેના ચહેરાને, તેના શબ્દોને અને હલનચલનને લાવણ્યમય બનાવી દેતી હતી. ફિક્કાશ પડતો ગોરો રંગ તેની નાજુકાઈની છાપ વધારતો હતો. તેનાં વસ્ત્રો અને આસપાસનું વાતાવરણ તેને માટે છેક જ પ્રતિકૂળ હોવા છતાં તે જાણે કે પોતાના વિચારોની દુનિયામાં જ જીવતી હોય અને આજુબાજુની કોઈ ચીજ તેને સ્પર્શી જ ન શકે એટલે છેટે ચાલી ગઈ હોય તેમ અત્યંત સ્વસ્થ જણાતી હતી.

બહાર નીરવપણે વહેતો પવન પેલાં વાદળાંના વિધવિધ આકાર સરજતો હતો અને વળી પાછા ભૂંસી નાખતો હતો. કદાચ ચોમેર અંધકાર છવાઈ જતાં લગી એ સ્ત્રી એમની એમ જ બેસી રહી હોત, પણ વળી પાછી પેલી વૉર્ડર બાઈ સંદેશો લઈને હાજર થઈ :

“મઠમાંથી બે બાઈઓ આવી છે. મળવું છે?”

આ વખતે એના ચહેરા પર અનિશ્ચિતતાના ભાવો દેખાયા. અંતે તેણે માથું હલાવીને હા પાડી. વૉર્ડર બાઈ પાછી ગઈ એટલે તેણે કંઈક ઉશ્કેરાટથી ઊઠીને પથારીને ઓશીકે રાખેલી એક કાળા પૂંઠાની ચોપડી કાઢી અને પહેલાં બે ચાર પાનાં વાંચી જોયાં.

બારણું ક્યારે ખૂલે તેની અધીરાઈથી રાહ જોતાં તેણે આંટા મારવા માંડ્યા. તેના શરીર પર એકે આભૂષણ નહોતું, છતાં તે કોઈ સામાન્ય કુટુંબની સ્ત્રી તો નહોતી જ એવું દેખાઈ

આવતું હતું. કેટલીક વાર પછી તેણે પાસે આવતાં પગલાં સાંભળ્યાં અને આંટા મારવાના બંધ કરી તે એક જગ્યાએ કંઈક ઉત્સુકતાથી, કંઈક દુઃખથી ઊભી રહી ગઈ.

બારણું ખૂલ્યું અને બંને સાધ્વીઓ અંદર આવી. બેમાંથી જે મોટી હતી તેણે આગળ આવીને કેદી સ્ત્રીના નમસ્કાર માટે ઊંચા થતા હાથ પોતાના હાથમાં પકડી લીધા અને તેને આસ્તેથી ગોદડાંના વીંટા આગળ લઈ જઈને બેસાડી.

થોડી વાર કોઈ બોલ્યું નહીં. પછી મોટી સાધ્વીએ ધીરેથી પૂછ્યું, "પછી તમે શો વિચાર કર્યો?"

"અંહં... એનો આગ્રહ તો કરશો જ નહીં."

"પણ તમે... તમારા બાળકનો તો ખ્યાલ કરો!"

તે સાથે જ અત્યાર લગી કોઈ આપદ્ગ્રસ્ત સમ્રાજ્ઞીની પેઠે ધીરજ રાખી રહેલી પેલી સ્ત્રી ઘૂંટણમાં માથું નાખી ધ્રુસકે ધ્રુસકે રોઈ પડી. નાની સાધ્વીને આંખના ઇશારાથી જ બહાર જવાનું કહી એ દુર્ભાગી સ્ત્રીને માથે હાથ મૂકી સાધ્વીએ વર્ષોની આદત પ્રમાણે સાંત્વનાના શબ્દો કહેવા માંડ્યા. તેમના મઠમાં જે જાતજાતનાં લોકકલ્યાણનાં કામો થતાં તેમાંનું એક આ પણ હતું. આજ લગીમાં અનેક ગુનેગાર સ્ત્રીઓને મળી ચૂકેલી, સૌને કોઈ ને કોઈ રીતે આશ્વાસન આપતી, રાહત પહોંચાડતી સાધ્વીને માટે આ અનુભવ નવો નહોતો. છતાં પણ પોતાના બચાવ માટેની તૈયારીમાં કશી જ મદદ નહીં કરનાર, વકીલોને કે સગાંવહાલાંને મળવાની સાફ ના પાડનાર આ વિચિત્ર સ્ત્રીને આમ નાના બચ્ચાની માફક રડતી જોઈને સાધ્વીને તેને માટે એક વિશિષ્ટ જાતની અનુકંપા થઈ આવી.

તેણે મૃદુ કંઠે પૂછ્યું, "હું તો ઇચ્છું છું કે તમે ફરીને વિચાર કરી જુઓ. હોય... માણસમાત્રથી એકાદ નાનીમોટી ભૂલ તો થઈ જ જાય. પણ તેથી કરીને આમ જિંદગી ફેંકી દેવાની?"

"ભૂલ નથી."

"એમ ન બોલીએ બહેન! એથી તો તમે કરેલો અપરાધ અનેકગણો વધુ ભયંકર બની જાય છે. પસ્તાવો કરતા પાપીને માટે ઈશ્વરનાં દ્વાર સદાય ખુલ્લાં રહે છે, પણ..."

"પણ મને જરાય પસ્તાવો નથી થતો. હું માનું છું કે મેં જે કર્યું છે તે બરાબર જ કર્યું છે."

ઝનૂનથી બોલાયેલા એ શબ્દો આગળ સાધ્વી નિરુત્તર થઈ ગઈ. સ્ત્રીએ થોડી વાર શાંત રહી વળી પાછું આવેશમાં બોલવા માંડ્યું :

"શા માટે હું કહું કે મને પસ્તાવો થાય છે? એ તો નર્યું જૂઠાણું કહેવાય, એક જાતનો દંભ કહેવાય. મને ખાતરી છે કે ઈશ્વરના દરબારમાં દંભીઓને તો સ્થાન નથી જ મળવાનું."

"ના, ના. દંભ શા માટે? તમે સાચા દિલથી પસ્તાવો કરો. રડો, કકળો, ઈશ્વરની માફી માગો. પ્રાર્થના કરો કે તે તમારા દિલમાં જાગેલી આ વેરની જ્વાલાને શાંત કરી દે. તમારું હૃદય ફરીથી એક બાળકના હૃદય જેવું સ્વચ્છ અને નિષ્પાપ બનાવી દે."

પેલી કાળા પૂંઠાવાળી ચોપડીને આમતેમ રમાડતી સ્ત્રી બોલી,

"માજી, તમે મને આજ લગીમાં કેટલુંયે પૂછ્યું છે. આજે હું તમને કંઈક પૂછું?"

"શા માટે નહીં?"

"તમે... તમે કેટલામે વર્ષે દીક્ષા લીધેલી?" પળભર સાધ્વીના વાર્ધક્યની કરચલીઓ પડેલા કપાળ પર બીજી એકાદ-બે કરચલી પડી ગઈ. તેણે કહ્યું,

"હું તો છેક બાળક હતી. પણ તમારાથી મને પૂર્વાશ્રમની વાતો ન પુછાય."

"ના, એ હું નથી પૂછતી, હું તો માત્ર એટલું જ જાણવા માગતી હતી કે કઈ ઉંમરે તમે સંસાર છોડીને આ મઠનો નિવાસ સ્વીકાર્યો?"

"તે વખતે હું પંદર કે સોળ વર્ષની હોઈશ."

"તો પછી માજી, તમે મને આમ કહો એ બરાબર છે. બાકી મારું હૃદય શાંત અને સ્વચ્છ બની જાય... માની લો કે એમ કદાચ બને, પણ જેને હું ગુનો જ નથી માનતી, તે કરવા માટે હું ઈશ્વરની માફી માગું, રડું, કકળું... ના, ના, એ તો બને જ નહીં. બીજી એક વાત કહું? તમે હંમેશાં પૂછો છો કે મેં શાથી આમ કર્યું? પણ એ તો તમને સમજાવાય એવું છે જ નહીં, સિવાય કે..."

"સિવાય કે?"

"સિવાય કે તમે આ ચોપડી વાંચી જાઓ. વાંચશો? તમારા નિયમો આડા તો નહીં આવે ને?"

"અમારા નિયમો? એવું તે એમાં શું છે?"

"એમાં મારી જિંદગી છે. એક ગુનેગાર સ્ત્રીનું જીવન."

કડવાશથી બોલાયેલા એ શબ્દોનો ઘા રુઝાવી દેવો ન હોય તેમ કરુણાથી એને માથે હાથ મૂકતાં સાધ્વીએ કહ્યું,

"ઈશ્વરની દૃષ્ટિમાં ના કોઈ સર્વથા નિર્દોષ છે, ના કોઈ સંપૂર્ણપણે ગુનેગાર. એની કૃપામાં ભરોસો રાખ, બેટા, આમ નિરાશ ન થઈ જા."

પેલી યુવાન સાધ્વી ફરી દરવાજા આગળ ડોકાઈ એટલે મુલાકાતનો અંત આવશે એમ સમજીને સ્ત્રીએ ઝટપટ બોલવા માંડ્યું,

"અહીં તો બીજું કંઈ કરવાનું જ નહોતું અને તમે પૂછ્યા કરતાં હતાં, એટલે પછી મેં બધું વિગતવાર લખી જ નાખ્યું છે. વળી પાછી મારી દીકરી, મારી બેલા જ્યારે મોટી થશે ત્યારે કદાચ એના મનમાં થશે કે એની મા એક ગુનેગાર સ્ત્રી હતી. એવું ન થાય, એ સમજી શકે એટલા માટે મેં આમાં બધી વાત લખી છે. એમાં છેક મારા બાળપણથી માંડીને મેં લખ્યું છે, કારણ કે નહીં તો તમે સમજી જ નહીં શકો કે શાથી મારે આમ કરવું પડ્યું."

"હું એ બધું વાંચી જઈશ." ચોપડી લેવા સાધ્વીએ હાથ લંબાવ્યો.

ઓચિંતો ને કંઈ ડર લાગ્યો હોય તેમ સ્ત્રીએ હાથ પાછો ખેંચી લઈને પૂછ્યું, "પણ તમે... તમે એનો દુરુપયોગ તો નહીં કરો ને? ના, હું તમારું અપમાન કરવા નથી ઇચ્છતી, પણ મને વચન આપો કે તમે આ લખાણ મારા પતિને કે મારા વકીલોને નહીં આપો."

સાધ્વીએ કહ્યું. "ના, તમારી પોતાની રજા મેળવ્યા સિવાય હું એમ નહીં કરું. અને આ વિશેની વાત પણ કોઈને નહીં કરું."

કાળા પૂંઠાવાળી ચોપડી આપી દઈને જાણે કોઈ નિર્જન ટાપુ પર સમુદ્રે ફેંકી દીધેલો નાવિક સંદેશાના કાગળવાળી શીશી તરતી મૂકે તેમ મિશ્રિત મનોભાવથી સ્ત્રી સાધ્વીના મોં સામે જોઈ રહી.

"હું જાઉં?"

અબોલપણે જ રજા આપીને સ્ત્રી વળી પાછી પોતાની અસલ જગ્યાએ જઈ બેસવાનું કરતી હતી તેવામાં જ તેને કાને શબ્દો અથડાયા,

"આજે હૉસ્પિટલમાંથી ખબર આવ્યા છે કે અંજનાની હાલત..."

"ના, ના! એનું નામ નહીં! એની વાત નહીં! એનું કશું જ મારે સાંભળવું નથી." મનની સમતા ગુમાવીને સ્ત્રીએ ચીસાચીસ કરી મૂકી.

બંને સાધ્વીઓ પાછી વળી, વૉર્ડર બાઈ પણ આવી, બધાંએ મળીને એને શાંત પાડી અને કોટડીનાં બારણાં વસાયાં ત્યારે સંધ્યાની આભા છેક જ શ્યામલ બની ગઈ હતી.

●

જેલના મકાનથી એકાદ ગાઉ દૂર સાધ્વીઓનો મઠ આવેલો હતો. જૂનાપુરાણા વખતનું મકાન હતું. સાધ્વીઓની કાળજીભરી મરામતને લીધે હજી વસવાલાયક રહ્યું હતું ખરું, પણ આઘેથી જોનારને ખંડિયેરનો જ ખ્યાલ આવતો. ત્યાં મઠના સ્થાપક મહાત્માની મૂર્તિની વખતોવખત વિધિસર પૂજા થતી અને ડંકા નોબત ને ઘંટારવ દૂર દૂર લગી સંભળાતાં. રાતની છેલ્લી આરતી થઈ ગઈ અને આસપાસનાં વૃક્ષો પરથી ચિત્કાર કરીને ઊડેલાં પંખીઓ વળી પાછાં પોતપોતાના માળામાં પેઠાં ત્યારે તમામ કામકાજથી નિવૃત્ત થઈ સાધ્વીએ પેલી ચોપડી હાથમાં લીધી.

તે સામાન્ય કાગળની બાંધેલી ચોપડી હતી. અક્ષર ઝીણા ને એકસરખા મરોડદાર હતા. જેલમાં વપરાતી કાળી શાહીને લીધે એ બધું કોઈક જાતનું દસ્તાવેજી લખાણ હોય તેવો ભાસ થતો હતો.

વાંચવાનું શરૂ કરતાં પહેલાં સાધ્વીને વિચાર થયો, 'સંસારી જીવની, તેમાં વળી ગુનેગાર બાઈની લખેલી વાત વાંચવી ઇષ્ટ છે? ન જાણે શુંનું શું એમાં લખેલું હશે!' પણ પછી નૈસર્ગિક કુતૂહલ ઉપરાંત કદાચ સ્ત્રીની જીવનકથા વાંચતાં એને બચાવી લેવાય એવું કંઈક મળી આવે એ ઉદ્દેશથી એણે વાંચવાનું શરૂ કર્યું.

●

સ્નેહરહિત લગ્નનું હું એકમાત્ર સંતાન હતી. બાળપણની યાદ જ્યારે જ્યારે આવે છે ત્યારે મારી સમક્ષ ધુમ્મસછાયા ગિરિશૃંગનું ચિત્ર ખડું થાય છે. કેટલાક પ્રસંગો એકદમ સ્પષ્ટ અને સુરેખ રીતે આગળ તરી આવે છે તો કેટલાક ઘડીક વાર દેખાઈ ન દેખાઈને અલોપ

થઈ જતી અપ્સરાની પેઠે મારા મનને મૂંઝવે છે. તો કેટલાક વળી કાયમ માટે વિસ્મૃતિના નિબિડ અંધકારમાં ખોવાઈ ગયા છે. વળી એવુંયે નથી કે બધા મહત્ત્વના પ્રસંગો જ યાદ રહી ગયા છે. કેટલીક અત્યંત ક્ષુદ્ર બાબતો પણ જાણે ગઈ કાલે બની હોય એવી જીવંત રીતે માનસપટ પર અથડાયા કરે છે, મને અકળાવ્યા કરે છે. જેમ કે અંજનાનું એ ફ્રૉક – તે વખતે મારી ઉંમર સાતઆઠ વર્ષથી વધારે નહીં હોય, છતાં સાવ સામાન્ય કપડાનું અને કઢંગી સિલાઈનું એ ફ્રૉક મને એવું વિચિત્ર લાગેલું કે મા જ્યારે અંજનાને લઈને હું બાગમાં હીંચકા ખાતી હતી ત્યાં આવી ત્યારે કેમે કરતાં હું એ ફ્રૉક પરથી નજર ખસેડી જ શકી નહોતી.

માએ અંજના વિશે જે કંઈ કહ્યું તે હું સાંભળતી હતી ખરી પણ મારા મનથી એની કશી જ નોંધ લેવાતી નહોતી. હું તો એના ફ્રૉક સામે જ જોઈ રહી હતી. આટલી સુંદર છોકરીને આવું ફ્રૉક? મારા મનને એ જરીકે ગોઠતું નહોતું. કદાચ એટલે જ જ્યારે માએ વાતની પૂર્ણાહુતિ કરતાં કહ્યું કે, ‘હવેથી એ અહીં આપણે ત્યાં જ રહેવાની છે.’ ત્યારે તરત જ હીંચકા પરથી કૂદી પડીને એનો હાથ પકડી લેતાં મેં કહ્યું, “તો તો તું મારી બહેનપણી. મારી પાસે બહુ સરસ સરસ ફ્રૉક છે. તને જે ગમે તે લેજે. ચાલ મારા રૂમમાં; પહેલાં આ ગંદું ફ્રૉક બદલી નાખ.”

આતુરતાથી હું એનો હાથ ખેંચીને લઈ જવાનું કરતી હતી ત્યાં જ માએ મારો કાન પકડીને આમળ્યો,

“કેમ, સમજ નથી પડતી? એ તારી બહેન છે, કોઈ ભિખારીની છોકરી નથી. બોલવાચાલવાનું કંઈક તો ભાન રાખતી જા.”

માની એ ક્રોધ ભરેલી દૃષ્ટિથી હું બી ગઈ. અંજનાનો હાથ છોડી દઈને હું ચૂપચાપ હીંચકાનું દોરડું પકડી વળ ચડાવવા લાગી. મને એ નહોતું સમજાતું કે મેં શું ખોટું કહ્યું છે. પણ મારો બચાવ કરવાની મારામાં હિંમત નહોતી. માનો ગુસ્સો મને હંમેશાં અબોલ બનાવી દેતો.

“છોડી દે. છોડી દે એ દોરડું ને અંજનાને લઈને તારા રૂમમાં જા.”

અંજનાને લઈને રૂમમાં જવાનો અને મારી બધી સંપત્તિ બતાવવાનો મારો ઉત્સાહ છેક જ મંદ થઈ ગયો હતો. છતાં માનું કહ્યું કરવા માટે મેં પગ ઉપાડ્યા. પણ દોરડું છોડવાથી હીંચકાનું પાટિયું ફરરરર દઈને ગોળ ગોળ ફરવાનું. મા એની છેક જ પાસે ઊભી હતી. માને વાગી ન જાય એટલા માટે મેં વળ ચડાવેલું દોરડું ધીમે ધીમે ઊંધું ફેરવવા માંડ્યું. તે સાથે જ મા મને મારવા માટે આગળ આવી.

“કહું છું તે નથી સંભળાતું? મૂક. મૂકી દે એ દોરડું.”

માના ઉગામેલા હાથથી બચવા માટે મેં એક ડગલું પાછળ હઠીને દોરડું તરત છોડી દીધું. તે સાથે જ હીંચકાનું પાટિયું ઊછળીને માને વાગ્યું. તેવી જ મા પડી ગઈ. અને ફરી પાછું તેને માથામાં પાટિયું વાગ્યું.

ડરની મારી તરત જ હું ત્યાંથી દોડી અને બાગના ખૂણામાં આવેલી માળીની ઝૂંપડીમાં ભરાઈ ગઈ. માને કેટલું વાગ્યું હશે અને હવે શું થશે એના વિચારથી હું એટલી ગભરાઈ

ગઈ કે માળીના મોટા છોકરા દેવજીએ મને ધોળાં જાંબુ આપ્યાં તે પણ મારાથી ખવાયાં નહીં. જાંબુ મારા ફ્રૉકના ખીસામાં ભરીને હું માળીની કાથીની ખાટલી પર પગ ઊંચા લઈને બેસી ગઈ. વખતે પગ લટકતા રહે ને હાલી જાય તો શું થાય? કારણ કે કાશી માળણે જ મને કહ્યું હતું કે નાનાં છોકરાં પગ લટકાવીને હલાવ્યા કરે તો તેમની મા મરી જાય. અને મને એ વાતનો બહુ જ ડર હતો.

મારી મા અતિશય સુંદર હતી. તેનો વાન એકદમ ગોરો અને ચામડી સ્વચ્છ અને કોમળ હોવા ઉપરાંત તેનું મોં એવું નાજુક અને સપ્રમાણ હતું કે જે કોઈ તેને જુએ તે જલદી ભૂલી શકે નહીં. તેની આંખો લાંબી પાંપણોવાળી અને મોટી હતી. જ્યારે તે ગુસ્સે ભરાય ત્યારે એ આંખો એવી તો ડરામણી લાગતી કે હું તેની સામે જોઈ જ ન શકતી. પણ જ્યારે મા ખુશમિજાજમાં હોય અને સિતાર લઈ ગાવા બેસે ત્યારે તેની પાસે જઈને બેસવું મને બહુ જ ગમતું. ત્યારે તે એટલી સુંદર લાગતી કે મને થતું કે ક્યારેય એની પાસેથી ખસવું જ ન પડે તો કેવું સારું?

માને સારાં સારાં કપડાં અને દાગીના પહેરવાનો ઘણો શોખ હતો. દિવસના ગમે તે સમયે જુઓ તો મા હંમેશાં સ્વચ્છ અને સુંદર, જાણે કે હમણાં જ તૈયાર થઈને બેઠી હોય એવી જ લાગે. ક્યારેય મેં તેને વીંખાયેલા વાળ કે ચોળાયેલાં કપડાં સાથે જોઈ નહોતી. જો કે તેની પાસે મને બહુ જવા મળતું નહીં. મારી પાસે તો મારી બાઈ રૂખી જ રહેતી. તે મારું બધું કામ કર્યા કરતી અને રાતે પણ મારા ઓરડામાં જ સૂઈ રહેતી. તેની સાથે હું માની વાતો કર્યા કરતી.

રૂખી કહેતી કે મારા જન્મ વખતે મારી મા ઘણી જ માંદી થઈ ગયેલી. તે બચશે કે કેમ તે પણ કોઈ કહી શકતું નહોતું. મને લાગ્યું કે કદાચ એટલે જ માને હું નહીં ગમતી હોઉં. પણ પછી કાશી માળણે કહ્યું કે માને છોકરાની આશા હતી, તેને બદલે હું જન્મી અને વળી પાછી મારે વખતે મા મરતાં મરતાં બચી એટલે ફરી બીજી વાર તો બાળક આવી શકે એવું રહ્યું જ નહીં. એવું શાથી તે મને પૂછવાનું ઘણું મન થયેલું પણ કાશીને એવી વાતો હું પૂછું તે ગમતું નહીં એટલે મેં ન પૂછ્યું. મેં માત્ર એટલું જ કહ્યું,

“તો તો પછી મારા જન્મથી મા ખૂબ નિરાશ થઈ ગઈ હશે, નહીં?”

“હાસ્તો! પણ શું થાય? જેવી ભગવાનની મરજી.”

તે દિવસે મને બરાબર ખબર પડી કે મારી માને હું શું કામ નહોતી ગમતી. વળી બીજું એક કારણ મેં મારી મેળે શોધી કાઢ્યું હતું. જ્યારે પણ માના ખાસ ઓળખીતાઓ આવતા ત્યારે હું એ લોકો પાસે વધારે વાર બેસું તે માને જરા પણ ગમતું નહીં. ઘણુંખરું એ લોકો મારા દેખાવનો ઉલ્લેખ કર્યા વગર રહેતા નહીં. એમના મનમાં હતું કે એ લોકો એટલે ધીમેથી અને એવી રીતે વાતો કરે છે કે હું સાંભળી કે સમજી ન શકું. પરંતુ મોટેરાંઓ માને તે કરતાં તો લગભગ દરેક બાળક વધારે હોશિયાર હોય છે જ. એવી વાતો તરફ મારું ખાસ ધ્યાન જતું અને હું દેખાવમાં મારી મા જેવી ન હોવા બદલ શરમાઈ જતી.

હું મારા બાપુ જેવી હતી. તેઓ ખાસ કદરૂપા નહોતા. મને તો તેમનો ઊંચો વિશાળ દેહ અને હસમુખો ચહેરો ખૂબ જ ગમતાં. પણ ક્યાં મા અને ક્યાં બાપુ? બાપુની આંખો ઝીણી હતી. નાક પણ ગોળ ટેરવાવાળું ને જરા ટૂંકું હતું. તેમના વાળ ખૂબ વાંકડિયા અને ઓળવા છતાં ક્યારેય ઓળેલા ન દેખાય એવા, ગોળગોળ વળી જાય એવા હતા. જો કે દેખાવડા ન હોવા છતાં તે આકર્ષક તો હતા જ.

જ્યારે મારો દેખાવ છેક જ સામાન્ય હતો. બાપુનું જ નાક, બાપુની આંખો અને તેમના જેવા વાળ. સારા કંઠ સિવાય માનું એકે લક્ષણ મારામાં ઊતર્યું નહોતું. મને લાગે છે કે હું રૂપાળી નહોતી એ બાબતનું માને કદાચ એટલું દુઃખ નહીં હોય કે જેટલું હું તદ્દન મારા બાપુ જેવી દેખાતી એ વાતનું હશે.

માને પરાણે પરણાવવામાં આવી હતી, તે મેં વર્ષો પછી જાણ્યું. માને જે છોકરા સાથે લગ્ન કરવું હતું તેનો ફોટો પણ મને કોઈએ બતાવેલો. ફોટામાં તે એકદમ ગંભીર, પાતળો ને વિચારમગ્ન દેખાતો હતો. જો કે તે બાપુ કરતાં ઘણો વધારે નાજુક અને દેખાવડો હતો એટલું મારે કબૂલ કરવું જોઈએ. મા તેની સાથે પરણવાની હતી અને લગભગ બધું નક્કી થઈ ગયું હતું. તેવામાં જ ઓચિંતો તે મરી ગયો.

તેના મરણનો ઘા જીરવવો માને માટે બહુ મુશ્કેલ હતો. તે બિચારી પોતાની બધી આશાઓ પૂરી થવાની અણી પર આવતાં જ પછડાઈને નાશ પામતી જોઈ રહી. મને લાગે છે કે તેને જીવનમાંથી રસ ઊડી ગયો. પણ બધે બને છે તેમ તેને સગાંવહાલાંએ સમજાવી અને કેટલાક વખત પછી મારા બાપુ સાથે પરણાવી.

બાપુ પાસે પુષ્કળ સંપત્તિ હતી. મારા ઘરમાં કેટલીયે પેઢીથી ચાલી આવતી શ્રીમંતાઈ હતી. તેમાં બાપુએ ઘણો વધારો કર્યો હતો. દેશ-પરદેશમાં અમારો વેપાર ચાલતો અને કેટલાંક કારખાનાં પણ હતાં. અમે રહેતાં તે ઘરને ભલભલા રાજાના મહેલ સાથે સરખાવી શકાય તેમ હતું. વિશાળ બાગની વચ્ચે પથ્થરથી બાંધેલું અમારું મકાન હતું. રહેનાર તો અમે ત્રણ જ, પણ બધા મળીને છવીસ ઓરડા હતા. બે મોટા ખંડો હતા. જ્યારે મહેમાનોને બોલાવવામાં આવતા ત્યારે એ ખંડોમાં મહેફિલ ગોઠવાતી. જમીનનો ખૂણોય ન દેખાય એવા મોટા કાશ્મીરી ગાલીચા બંને ખંડમાં પથરાયેલા હતા. પૂર્વ દિશાએ આવેલો ખંડ મારા દાદાએ સજાવેલો હતો. તેમાં બિલોરી કાચનાં ઝુમ્મર અને ભીંતે વિલાયતી ચિતારાઓએ ચીતરેલાં શિકારનાં અને દારૂ પીને તોફાને ચડેલાં રોમન યુવકયુવતીઓનાં ચિત્રો હતાં. એ ખંડનાં સોફા-ખુરશી પર સોનેરી કિનખાબની ખોળ હતી, અને સામસામા ગોઠવેલા મોટા મોટા આયનામાં દેખાતી પ્રતિબિંબની હારમાળાને લીધે એ ખંડ હતો તે કરતાં ઘણો વિશાળ દેખાતો. એક બાજુમાં ગોઠવેલાં કાચનાં કબાટોમાં દેશની ને દરિયાપારની કેટલીયે અજબ વસ્તુઓ મૂકેલી હતી. તરેહ તરેહની મૂર્તિઓ, રમકડાં, હાથીદાંત, સુખડ અને ચાંદીના ઝીણા કોતરકામની ચીજો, ચમકતી છીપની વિચિત્ર આકૃતિઓ ને ચીનનાં બેડોળ છતાં આકર્ષક કાચનાં પૂતળાં હતાં. એમાંનો એક મોટા પેટવાળો જાડિયો હું જોયા જ કરતી. પણ એના ચહેરા પરનું ક્રૂર હાસ્ય મને ભય પમાડતું. એ ખંડમાં જાતજાતનાં ઘડિયાળ પણ હતાં. જો કે તેમાંનાં ઘણાંખરાં બંધ હતાં અને કોઈ પણ બે ઘડિયાળ કોઈ વખત એકસરખો સમય

તો બતાવતાં જ નહીં. એ ખંડ મને અજાયબઘર જેવો લાગતો અને કદાચ તેથી જ પેલા બીજા ખંડ કરતાં વધારે ગમતો.

બીજા ખંડમાં મારા બાપુની પસંદગીનું ફર્નિચર હતું. એ ખંડમાં વીજળીના એકે ગોળા દેખાતા નહીં છતાં બધે એકસરખો પ્રકાશ રેલાઈ જાય એવી ગોઠવણ હતી. એક મોટો રેડિયો ત્યાં રહેતો. તે સિવાય તો સોફા, ખુરશીઓ અને નાનાંમોટાં ટેબલો જ હતાં. એ ખંડ હતો સરસ પણ મને મઝા પડે એવું ત્યાં ખાસ કંઈ નહોતું… હા, પોચી પોચી ગાદીવાળા સોફામાં ઘોડો કુદાવવાનું મને બહુ ગમતું, પણ એમ કરવાની મને મનાઈ હતી અને નોકરો મને દેખી જાય અને મા પાસે વઢાવડાવે એનો હંમેશાં ડર રહેતો એટલે ચોરીછૂપીથી એ ખંડમાં જવાનું હું બહુ પસંદ કરતી નહીં.

અને નોકરોનો પણ કંઈ પાર નહોતો. કેટલાયે નોકરો રહેતા અને એમાંથી અમુક વારે વારે બદલાયા જ કરતા. હું નાની હતી ત્યારે કોઈ પણ નવી વ્યક્તિ દેખાય એટલે એને હમણાં જ રોકવામાં આવી હશે એમ માની લેતી અને એ મુજબ વર્તતી. ઘરના અને બહારના નોકરોના પગાર અને દરજ્જામાં ફેર રહેતો અને એ બાબત એ લોકો ઘણી હુંસાતુંસી કરતા.

મારી બાઈ રૂખી અને મોટા મહારાજને બાદ કરતાં મને બહારના નોકરો વધારે ગમતા. એ લોકો બહુ ચાડી ખાતા નહીં અને એમની પાસેથી મને કેટલુંયે નવું નવું જાણવાનું મળતું. ખાસ કરીને ઘોડારમાં અને ગાયોના કોઢારામાં તો હું કલાકોના કલાકો ગાળતી. ત્યાં એક મુખ્ય નોકરના હાથ નીચે કેટલાક નાના છોકરાઓ કામ કરતા. અને એ બધા સાથે વાત કરવાની મને મઝા પડતી. નાનાં વાછરડાંને અડવાનું પણ મને ગમતું. એમના મખમલ જેવા સુંવાળા કાન પંપાળતાં મને કદી ડર લાગતો નહીં. પણ મા કે બાપુ ગમે તેટલું કહે તો પણ હું ઘોડે બેસવા કોઈ દિવસ તૈયાર થતી નહીં. અમારા ઘોડા એવા તેજ હતા કે એમની પાસે જતાં જ મને બીક લાગતી.

તે ઉપરાંત માળીની ઓરડી અને દરવાનની બંગલી મારાં ખાસ આશ્રયસ્થાન જેવાં હતાં. ઘરમાં કંઈ થાય ત્યારે હું ત્યાં જ ભરાઈ જતી. મોટરના ગૅરેજમાં મને બહુ ગમતું નહીં, કારણ કે ડ્રાઇવર કરતારસિંગનાં દાઢી, મૂછ અને ફેંટાની મને બીક લાગતી. અને બીજો ડ્રાઇવર મોહન બહુ બોલતો નહીં.

'ભાઈબહેન વગર તને એકલું લાગે છે?' એમ કોઈ પૂછતું ત્યારે શો જવાબ દેવો તે મને સૂઝતું નહીં. કોઈ વાર થતું કે એકાદ ભાઈ હોત તો સારું, તો કોઈ વાર વળી બહેન હોત તો મજા પડત એમ લાગતું, અને હું નક્કી કરી શકું તે પહેલાં તો પ્રશ્ન પૂછનારે જવાબની રાહ જોવાનું માંડી વાળીને બીજી વાત ઉપાડી હોય.

અત્યારે માળીની ખાટલી પર બેઠાં બેઠાં હું એ જ વિચાર કરી રહી હતી. ઓચિંતી વળી આ બહેન ક્યાંથી આવી ચડી? મારે તો એકે બહેન નહોતી. જો કે આ છોકરી હતી તો સરસ. તેનું મોં કેવું રૂપાળું હતું! ઓચિંતો મને ખ્યાલ ગયો કે તેનું મોં મારી માના મોંને મળતું આવતું હતું. મને થયું કે કદાચ તે ખરેખર જ મારી બહેન હશે. પણ તો પછી તેનાં કપડાં આવાં ગંદાં કેમ? અને આટલા બધા દિવસ તે ક્યાં હતી? આવા બધા વિચારોમાં હું ગૂંચવાયેલી હતી તેટલામાં રઘુ મને શોધતો શોધતો આવ્યો. તેણે કહ્યું,

"રેખાબહેન, ચાલો, બાઈ બોલાવે છે."

માને કેટલું લાગ્યું હશે તે મેં રઘુને પૂછવાનો વિચાર કર્યો પણ એકદમ મારી જીભ ન ઊપડી. મેં કહ્યું, "મેં જાણી જોઈને નહોતું વગાડ્યું હોં, રઘુ!"

રઘુએ કહ્યું, "પણ તમે બહુ મસ્તી કરો છો. રૂખી પણ કહેતી હતી."

"રૂખી? ખોટી વાત. રૂખી એવું કહે જ નહીં. કહે જ નહીં. તું જૂઠું બોલે છે. તું જૂઠો છે."

"વારુ, હું જૂઠો છું, બસ? ચાલો પણ હવે, બાઈ બોલાવે છે."

રઘુ રૂખીનો ભત્રીજો હતો. તે બાપુના ઓરડાની સાફસૂફી કરતો અને ફેરા ખાતો. બીજા નોકરોમાં તેનું સારું માન હતું. પણ મને તેની સાથે બહુ ફાવતું નહીં. તેની સાથે ચાલવા માંડતાં મેં પૂછ્યું,

"રઘુ! માને બહુ વાગ્યું છે?"

"તેની તમારે શી ચિંતા? તમે તો વગાડી લીધું ને?"

આની સાથે આગળ વાત કરવાનો કંઈ જ અર્થ નથી એમ સમજીને મેં ઘેર પહોંચતાં લગી એને કશું પૂછ્યું નહીં.

બારણા આગળ રૂખી મળી. તેને હું કંઈ પૂછું તે પહેલાં જ તેણે કહ્યું,

"બાઈ બહુ ચિડાઈ ગયાં છે. ચાલો, જલદી કપડાં બદલીને તૈયાર થઈ જાઓ. હમણાં શેઠ આવશે."

મેં પૂછ્યું, "રૂખી! માને બહુ વાગ્યું છે?"

"ના હોં, લોહી નથી નીકળ્યું. પણ તમે દોરડું છોડી કેમ દીધું?"

"જાણી જોઈને નહોતું છોડ્યું રૂખી, મારાથી છૂટી ગયું."

"તો તમે માને જઈને કહેજો એટલે મા નહીં વઢે."

પછી અમે મારા ઓરડામાં ગયાં. પણ ત્યાં જતાં જ મારી કમાન છટકી. પેલી છોકરી – પેલી અંજના મારા પલંગમાં સૂતી હતી.

તેને બેચાર ફ્રૉક આપવા કે થોડાં રમકડાં આપવા હું તૈયાર હતી પણ આવી રીતે તે મારા પલંગમાં સૂએ એ તો મને જરાકે ગમ્યું નહીં. બીજો કોઈ દિવસ હોત તો મેં પગ પછાડીને ધમાલ કરી મૂકી હોત, પણ એક તો માને વાગ્યું હતું – વળી પાછી મને દહેશત પડી, કદાચ તે ખરેખર મારી બહેન હોય તો! બહેન ન હોત તો થોડી જ એ આમ મારા પલંગમાં ચડીને સૂઈ જાત!

બાથરૂમમાં ગયા પછી મેં મારા હાથે સાબુ લગાડતી રૂખીને આસ્તેથી પૂછ્યું,

"આ કોણ છે રૂખી?"

"ઓ મા, તમને નથી ખબર? એ તો તમારા મામાની દીકરી છે. હવેથી એ અહીં જ રહેવાની છે. બાઈએ તમને વાત નથી કરી?"

"હં... મા કંઈક કહેતી હતી તો ખરી. પણ તેથી શું એ મારી બહેન થાય?"

"હા વળી. મામાની, કાકાની, માસીની – બધાંની છોકરીઓ બહેનો જ કહેવાય."

"મારા બાપુ એના બાપુ થાય? મા એની મા થાય?"

દસેક મિનિટની ગડમથલ પછી રૂખી મને એના સગપણનો અર્થ સમજાવી શકી, પણ મારા નાનકડા મગજમાં એ બહુ બેઠો નહીં. અંતે મેં રૂખીને મને અકળાવતો પ્રશ્ન પૂછ્યો,

"એ કેવી રૂપાળી છે, નહીં?"

"હા બહેન."

"એટલે હવે તો માને એ જ વધારે ગમશે."

"ના, ના, એવું કાંઈ હોય?"

"જૂઠું નહીં બોલ. મને ખબર છે."

પણ પછી મેં કશી ધમાલ કરી નહીં. આવી રૂપાળી માને પોતાના જેવી જ અંજના મારા કરતાં વધારે ગમે એ વાત એક રીતે મને વાજબી લાગી. પણ મને એ ગમ્યું નહીં. અત્યંત ઉદાસ થઈને હું રૂખીએ કહ્યું તે પ્રમાણે તૈયાર થઈ અને માના ઓરડામાં ગઈ.

માને કપાળે એક ઢીમણું થયું હતું. અને તેના પર માની બાઈ શાંતિ બરફ ઘસતી હતી. મને જોઈને માએ થાકેલા અવાજે કહ્યું,

"એક તો વગાડ્યું, ને ઉપરથી નાસી ગઈ, કેવી છોકરી છે તું?"

મેં કશો જવાબ આપ્યો નહીં.

માએ કહ્યું, "હવે આવું તોફાન કરીશ?"

મેં માથું હલાવીને ના કહી. માએ શાંતિનો હાથ ખસેડીને મને ઢીમણું બતાવ્યું,

"જો, કેવું વાગ્યું છે?"

માના કપાળ પરનો એ સોજો અને તેથીયે વધારે તો એનો લીલો રંગ જોઈને હું ગભરાઈ ગઈ.

મેં કહ્યું, "જાણી જોઈને નથી વગાડ્યું!"

માએ કહ્યું, "હવેથી આવું તોફાન ન કરતી. અને જો, અંજના અહીં જ રહેવાની છે. તું હંમેશ કહે છે ને કે મારે બહેનપણી નથી, તે હવેથી એ તારી બહેનપણી."

"એ મારી બહેન થાય કે બહેનપણી?"

"બંને." કહી મા જરાક હસી. એટલે મને પણ હસવું આવ્યું અને હું ખુશ થતી થતી મારા ઓરડામાં ચાલી ગઈ.

મેં વિચાર કર્યો કે અંજનાને ખૂબ સારી રીતે રાખીશ. એને જે જોઈશે તે આપીશ. અંદરખાનેથી હું સમજી ગઈ હતી કે અંજનાને ખુશ રાખવાથી જ મા રાજી થશે અને મા મારા પર રાજી હોય ત્યારે મને ખૂબ જ ગમતું.

અંજનાને કયું ફ્રૉક આપવું તેનો વિચાર કરતી હું પાછી મારા ઓરડામાં ગઈ ત્યારે અંજના હજુ ઊઠી નહોતી. મારા પલંગમાં તેને આરામથી સૂતેલી જોઈને હમણાં જ સારાસારા નિર્ણયો કર્યા હોવા છતાં મારું મન એક જાતના અણગમાથી ભરાઈ ગયું.

રૂખીએ કહ્યું, "ચાલો બહેન, દૂધ પી લો."

"ના, મારે નથી પીવું. જા, જતી રહે અહીંથી." કહીને મેં બાથરૂમની અંદર ભરાઈને બારણાં વાસી દીધાં.

• • •

**મા**રો બાથરૂમ મને બહુ ગમતો. તેમાં ગુલાબી કાચની ચકચકિત લાદીઓ જડેલી હતી. તે હંમેશાં ચોખ્ખો રહેતો અને તેમાં નહાવાના સાબુની ધીમી સુગંધ આવ્યા જ કરતી. વળી એક વાર બાથરૂમમાં ભરાઈને બારણાં બંધ કર્યાં કે પત્યું. જ્યાં લગી તમારે કોઈની સાથે વાત ન કરવી હોય ત્યાં લગી તમે સલામત. વળી તેની એક બારી બાગમાં પડતી હતી. એટલે ત્યાં ઊભા ઊભા બાગ સામે જોયા કરવાની મઝા હતી.

હું એ જ બારી પાસે જઈને ઊભી રહી પણ મારો જીવ બાગમાં નહોતો. બધું જોવા છતાં ન જોતી હોઉં તેમ જીવ ક્યાંક ઊંડે ઊંડે ઊતરી જવા લાગ્યો. શું થશે? માની લો કે બાપુને પણ અંજના ગમી ગઈ...

એ વિચારથી હું થથરી ગઈ. મને મારી મા બહુ ગમતી, પણ મારા દોસ્ત તો બાપુ જ હતા. તેમની મને જરાકે બીક લાગતી નહીં. જ્યારે આખા દિવસમાં બાપુ ન મળ્યા હોય ત્યારે રાતે રઘુ ના પાડે તો પણ હું બાપુના ઓરડામાં ભરાઈ જતી. અને મહેમાનોને સત્કારવા જતાં પહેલાં કે પછી જાતે જ બહાર જવાના હોય તો તેની તૈયારી કરવા માટે બાપુ ઓરડામાં આવે કે તરત એમને વળગી પડતી. તેઓ તૈયાર થાય તે જોયા કરતી. અને હજાર જાતની વાતો કર્યા કરતી. મારે માટે મહત્ત્વનો કે અવનવો કોઈ પણ બનાવ બને કે બાપુને કહ્યા વગર મને ચેન પડતું નહીં. બાપુ એ બધું ગંભીરતાથી સાંભળ્યા કરતા અને મને કાળજીથી જવાબ પણ દેતા. માત્ર એ બધી વેળા એમની આંખો એવા ટીખળમાં ચમક્યા કરતી કે એ બધું ખરું કહે છે કે મશ્કરીમાં તે મને સમજાતું નહીં.

ઓચિંતું મને લાગવા માંડ્યું કે હું સાવ જ એકલી પડી ગઈ છું. મારું કોઈ રહ્યું નથી, કોઈ મને ચાહતું નથી... અને મને ખ્યાલ જાય તે પહેલાં મારી આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. તે જ વખતે બાપુનો અવાજ સંભળાયો :

"ક્યાં છે મારી રેખારાણી? ચાલો ચાલો બેટા, ઝટ કરો તો, એક ખાસ કામ છે."

શી વાત છે તે જાણવાના કૌતુકથી અને બાપુ આવી ગયા છે એની રાહતમાં મેં એકદમ બારણાં ખોલી નાખ્યાં. બાપુ સામે જ ઊભા હતા. મારો આંસુથી ખરડાયેલો ચહેરો જોઈ એમણે મને એકદમ ઊંચકી લીધી અને પૂછવા લાગ્યા :

"કેમ રે પગલીબાઈ! બાથરૂમમાં તે લોકો નાહવાધોવા જાય કે પછી રોવા?" અને પછી અંજના તરફ ફરીને બોલ્યા,

"અમારી આ રેખા બધી વાતે ડાહી છે, માત્ર એને એક વાતની સમજ નથી, કે દુનિયામાં જુદાં જુદાં કામ માટે જુદી જુદી જગ્યાઓ મુકરર કરવામાં આવેલી છે. જેમ કે ભણવાનું મન થાય ત્યારે અભ્યાસનો ખંડ, જમવાનું મન થાય ત્યારે ભોજનખંડ, રમવાનું મન થાય ત્યારે..."

વચમાં જ એમની વાત કાપી નાખીને મેં કહ્યું :

"અને રડવાનું મન થાય ત્યારે?"

"ત્યારે બાપુનો ઓરડો!"

મારા મનમાં સુખની લાગણી છલકાઈ ઊઠી. એમને ગળે બે હાથ ભેરવી દઈને મેં કહ્યું :

"જો જો હં, પછી ત્યાં જ આવીશ!"

"અરે પણ તારે વળી રડવાનો વારો જ ક્યાંથી આવવાનો છે? પણ હાં, તારી સાથેની વાતમાં હું પેલું તો કહેવાનું ભૂલી જ ગયો!"

"શું?"

"આજે હું અહીં જ જમવાનો છું. કોઈ મહેમાન નથી. તું અને અંજના બંને અમારી સાથે જ જમશો ને?"

"બાપુ!" કહી હર્ષઘેલી બનીને હું તેમના હાથમાંથી ઊતરી પડી. તૈયાર થવાની મારી ઉતાવળ જોઈને એ હસી પડ્યા. તરત જ મેં કહ્યું,

"પણ આમંત્રણ ક્યાં?"

તરત જ એમણે ગોખેલો જવાબ દઈ દીધો, "જૂના મિત્રો વચ્ચે આમંત્રણની શી જરૂર?"

આ અમારા બંને વચ્ચેની ઘણી જૂની વાતચીત હતી. આની આગળ મારે કહેવાનું હતું, "ભલે, ત્યારે અમે આવીશું." અને પછી અમારે બંનેએ હસી પડવાનું હતું. પણ આજે એમ ન થઈ શક્યું. મેં કહ્યું :

"અંજના તો જૂની મિત્ર નથી."

"મારે થોડી વાત કરવી છે રેખા, મારા રૂમમાં આવે છે? હું તૈયાર થઈ જાઉં."

બાપુની આંગળી પકડીને હું તેમની સાથે ચાલી ગઈ. જઈને જોઉં છું તો મોટા આશ્ચર્યની વાત! મા ત્યાં બાપુના રૂમમાં બેઠી હતી. એકાએક મારો ઉત્સાહ મંદ પડી ગયો. તેણે કહ્યું,

"આટલી બધી બેફરમાની અને જીદને પાળીપોષીને વધારવામાં કેટલું જોખમ છે તેનો તમે વિચાર કેમ નથી કરતા?"

બાપુએ એક વાર મારી સામે જોયું. મને થયું કે તેઓ હમણાં જ કહેશે, "રેખા! તારા રૂમમાં જા." ઘણુંખરું મારા દેખતાં તેઓ મા સાથે કોઈ પણ જાતની ચર્ચા કરવાનું પસંદ કરતા નહીં. પરંતુ તેમણે એવું કશું ન કરતાં મારો હાથ વધારે મજબૂત રીતે પકડીને કહ્યું :

"મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું કે બધી વાત કરી લેવી જોઈએ. તમે ન માન્યું. હવે હાર્યા પછી તો માનો!"

માએ અકળાઈ જઈને કહ્યું : "હું તો પહેલેથી જ વિરુદ્ધ હતી. મારો શો હક..."

"તમે શા માટે એમ બોલો છો? આ ઘરમાં જેટલો હક મારો અને મારાં સગાંવહાલાંનો છે તેટલો જ તમારો અને તમારાં સગાંવહાલાંનો છે."

માની આંખમાં દેખાતાં ઝળઝળિયાં વાગવાના દુઃખને લઈને હતાં કે બીજા કોઈ કારણથી તે મને તે વખતે નહોતું સમજાયું. બાપુએ હળવેથી તેને ઉઠાડી અને કહ્યું :

"રસોડામાં ખબર મોકલાવશો ને? અમે પણ હવે હમણાં જ આવ્યાં!"

મા કંઈ બોલ્યા વગર ચાલી ગઈ. બાપુએ બારણામાં રાહ જોઈને ઊભેલા રઘુને કહ્યું :

"થોડી વાર પછી." અને મને મારી માનીતી જગ્યાએ, તેમના રેશમી રૂંવાંદાર બિછાના પર મૂકી દઈને વાત શરૂ કરી.

"જાણે એમ છે, રેખારાણી કે અંજનાની મા ગુજરી ગઈ છે."

"અરેરે, સાચે જ?"

"હં... અને વળી પાછા એના બાપ આફ્રિકા રહેવા જાય છે એટલે એ હવેથી એનાં ફોઈને ત્યાં રહેવાની છે."

"કેમ, આપણે ત્યાં રહેવાની હતી ને?"

"તે આપણે પણ એની ફોઈને ત્યાં જ રહીએ છીએ ને!"

"વાહ, આપણે ક્યાં – આપણે તો આપણા પોતાના ઘરમાં રહીએ છીએ. તમે પણ ખરા છો તો બાપુ!" પણ બોલતાં બોલતાં જ મને રૂખી કહેતી હતી તે બધું યાદ આવ્યું અને પાછું બાપુની આંખોએ તોફાન માંડ્યું હતું એટલે કંઈક છોભીલી પડી જઈને મેં પૂરું કર્યું :

"પણ મા જ એની ફોઈ થાય, નહીં?"

"શાબાશ. રેખારાણી! મેં તો માનેલું કે કેટલીય મુસીબત પડશે, કાકા, મામા, ફોઈ, મામી, બધી સગાઈ સમજાવતાં સમજાવતાં લોહીનું પાણી થઈ જશે... પણ તું તો તારી મેળે જ સમજી ગઈ ને શું, વાહ ભાઈ વાહ!"

પહેલાં તો આ શાબાશી એકલાં જ ખાટી જવાનું મન થયું પણ પછી વળી લાગ્યું કે એ ભાગ્યે જ પ્રામાણિક ગણાય એટલે મેં કહી નાખ્યું :

"એ તો મને રૂખીએ સમજાવ્યું હતું."

બાપુ તરત જ ગંભીર થઈ ગયા.

"રૂખીએ બીજું શું કહ્યું હતું?"

"બીજું… બીજું તો કશું નહીં. રૂખી કહેતી હતી કે એ હવે અહીં જ રહેવાની છે."

"હં… જો, મારા મનમાં હતું કે આ બધી વાત અમે જ તને કરીએ. પણ હવે તેં જાણી જ લીધું છે તો પછી કહે રેખા, તને આ વિચાર કેવો લાગે છે?"

"કયો?"

"કયો તે આ, અંજનાને અહીં રાખવાનો."

બાપુ મશ્કરી તો નથી કરતા ને, એની ખાતરી કરી લઈને હું બરાબર ઘરડા માણસની પેઠે વિચાર કરવા બેઠી.

"જાણે કે એ છે તો રૂપાળી, પણ એનું ફ્રૉક મને નથી ગમતું."

"તે તો નવાં સિવડાવીશું. પણ એને અહીં રાખવી છે?"

"તમે કહો."

"ના ભાઈ, તમારો અભિપ્રાય પુછાય છે રેખારાણી, એમ છટકી નહીં જવાય!"

કેટલીક વાર મૌન રહીને મેં અંતે ફેંસલો આપ્યો.

"રાખો ત્યારે!"

"હં… તને એની સાથે રમવાની મઝા પડશે?"

"હા. અને હું એને મારાં ફ્રૉક પણ આપીશ. રમકડાં આપીશ, ઢીંગલીઓ… જ્યોતિ અને પ્રેમા સાથે રમવા દઈશ, પણ મારી નિશા નહીં આપું."

"ભલે, નિશા તો તું મને પણ ક્યાં આપે છે?"

વાત લગભગ પૂરી થઈ. બાપુ પણ તૈયાર થઈ ગયા હતા. તેમના પલંગ પરથી નીચે ઊતરતાં હું બોલી :

"અને મા પણ રાજી થશે. માને એ બહુ ગમે છે."

બાપુએ કહ્યું, "માને તો તું પણ બહુ ગમે છે."

મેં તરત માથું ધુણાવ્યું.

"ના, એના જેટલી નહીં. એ કેટલી રૂપાળી છે?"

"અરે પણ રેખા, આજે તેં માને વગાડ્યું હતું, નહીં?"

"ના બાપુ, એ તો એમ થયું હતું કે…" મેં આખોયે પ્રસંગ વર્ણવી બતાવ્યો અને પછી તરત અમે જમવા ગયાં. જમીને તરત હું ઊંઘી ગઈ હોઈશ કારણ કે પછી કશું મને યાદ આવતું નથી.

ત્યાર પછીનો એક દિવસ –મને લાગે છે કે આઠદસ દિવસ વીતી ગયા હોવા જોઈએ– મને બરાબર યાદ રહી ગયો છે. હું ને અંજના મારા ઓરડામાં રમતાં હતાં. રૂખી કશે બહાર ગઈ હતી. મારા હાથમાં એક નાનકડી રમકડાની પેટી હતી. ચાવી આપતાંની સાથે જ તેમાંથી સંગીતના સૂર નીકળતા. થોડા વખત પહેલાં જ કોઈએ તે આણી હતી એટલે નવીનતાનું આકર્ષણ હજી મટ્યું નહોતું. એકાદ-બે વાર તેને મેં ચાવી આપ્યા બાદ અંજનાએ કહ્યું :

"હવે મને આપ."

એની માગણી એકદમ વાજબી હતી. એટલે મેં તરત જ પેટી એના હાથમાં મૂકી દીધી. એ હોંસથી એને ચાવી આપવા લાગી. ચાવી વધારે અપાઈ ગઈ હશે કેમ કે તરત જ મોટો ખટાકો થયો અને સંગીત બંધ થઈ ગયું. અંજના ગભરાઈ ગઈ અને મારા ખોળામાં પેટી નાખી દઈને બહાર દોડી ગઈ. બેચાર વાર ફરી પાછી ચાલુ કરવા ફાંફાં માર્યાં પણ કંઈ વળ્યું નહીં એટલે હું બીજી રમતમાં ગૂંથાઈ. તેવામાં રૂખી આવી,

"બહેન, તમને બાઈ બોલાવે છે."

મા પાસે જતાં જ જોઉં છું તો અંજના માનો પાલવ પકડીને ઊભી ઊભી રડતી હતી અને મા તેને છાની રાખતી હતી. એ દૃશ્ય જોતાં જ મને દોડીને માને વળગી પડવાનું મન થયું. એમ કરવા હું પાસે જતી હતી ત્યાં જ કડક અવાજે માએ કહ્યું :

"શું ચાલે છે આ બધું?"

"કેમ? મેં તો કંઈ નથી કર્યું."

"ઓહ, ઉપરથી જૂઠું? એક તો અંજનાને રમાડતી નથી. નવાં નવાં રમકડાં તોડી નાખે છે અને ઉપરથી પાછી ખોટું બોલતાં શીખી છે?"

આ ઓચિંતા ધડાકાથી હું એવી તો ગભરાઈ ગઈ કે મારાથી કંઈ બોલાયું જ નહીં. મારા મૌનને ગુનાનું પ્રમાણ માની લઈને મા રંગમાં આવી ગઈ. અંજનાને પંપાળવાનું ચાલુ રાખીને તેણે મને વઢ્યા જ કર્યું. અંજના પણ રડતી રહી ગઈ અને મારી સામે જોવા લાગી. આમ ને આમ ક્યાં સુધી ચાલ્યા કરત, કોણ જાણે, પણ માને ઓચિંતી રૂખી યાદ આવી.

"અને તું શું કરતી હતી?"

"જી – હું તો રેખાબહેનનાં કપડાં ઇસ્ત્રી કરવા શામુને આપવા ગઈ હતી."

"અને પછી ત્યાં બેઠી બેઠી ગપ્પાં મારતી હતી, નહીં? એ બધું નહીં ચાલે. તારે રેખા ને અંજનાની પાસે જ રહેવાનું છે. અને માન કે એટલાં કપડાંની ઇસ્ત્રી તેં જાતે જ કરી લીધી હોત તો શું બગડી જવાનું હતું?"

"પણ ઇસ્ત્રી તો હંમેશાં શામુ જ કરે છે."

"આ ઘરનું આ જ દુઃખ છે. કામકાજ વહેંચી આપ્યું એટલે નોકરચાકર બીજા કામને આંગળી જ અડાડવાના નહીં. ચાલો જાઓ બધાં અહીંથી. અને રેખા, જો હવે ફરી વાર આવું ન થવું જોઈએ. જા અંજના, હવે તને એ ન રમાડે તો મને કહી દેજે, હં!"

અમે ત્રણે માના ઓરડામાંથી બહાર નીકળ્યાં. આજ લગીના અંજના પ્રત્યેના છૂપા અણગમાને હવે જાણે કારણ મળી ગયું. રસ્તામાં જ મેં રૂખીને કહી દીધું :

"રમકડાં મૂકી દે. હવે મારે લેસન કરવું છે."

હું મારી મેળે લેસન કરવાનું મન કરું એ જરા નવાઈની વાત તો હતી જ, પણ રૂખી જાતે જ માના ઠપકાથી રિસાયેલી હતી એટલે તેણે કંઈ પૂછપરછ ન કરતાં ઓરડામાં જઈને રમકડાં ગોઠવવા માંડ્યાં. રમત સંકેલાઈ ગઈ. અંજના ચોરની જેમ ઊભી રહી.